મહીધરપુરા પો.સ્ટે. I ગુ.ર.નં. ૪૩/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯, ૩૫૬, ૧૧૪ મુજબના ગુનાના કામે નાસતા ફરતા આરોપીને પકડી પાડતી, ચોક બજાર પો.સ્ટે. સર્વેલન્સ સ્ટાફની ટીમ.

સુરત શહેરના ચોક બજાર પો.સ્ટે. વિસ્તારમાં મીલકત તથા શરીર સબંધી ગુન્હાઓને અટકાવવા સારૂ તથા ચોરી કરતા આરોપીઓ પકડી પાડવા પોલીસ માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન અ.પો.કો.અમિતકુમાર બીરેન્દ્રસિંગ તથા અ.પો.કો. પંકજ માનસિંહ નાઓને મળેલ બાતમી આધારે આરોપી એહમદ S/O ઇકબાલભાઇ બોરીંગવાલા ઉ.વ.૨૧ રહે. ઘર નં.૩૦૮, બાગેર એહમદ એપાર્ટમેન્ટ નુરાની મસ્જીદ પાસે વેડ દરવાજા, સુરત નાનો મહીધરપુરા પો.સ્ટે. I ગુ.ર.નં.૪૩/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯, ૩૫૬, ૧૧૪ મુજબના કામનો નાસતો ફરતો હોય, જે આરોપીને ચોક બજાર પો.સ્ટે.ના પોલીસ માણસોએ ઝડપી પાડી, ઉપરોક્ત ગુન્હો શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.